### નાગરિકો ગંદુ પાણી પીએ અને અધિકારીઓ મિનરલ વોટર ગટગટાવે છે: કોંગ્રેસના આકરા પ્રહારો

# કોંગ્રેસના કાઉન્સિલરોએ દૂષિત પાણી ભરેલી બોટલો સાથે પાલિકાની કચેરીએ હોબાળો મચાવ્યો

**બેઠક** રૂમની બહાર નગરસેવકો અને અધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણના દ્રશ્યો સર્જાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા મહાનગરપાલિકામાં આજે ગંદા પાણીના મુદ્દે ભારે હોબાળો મચી ગયો હતો. વોર્ડ નંબર ૧૪ના કોંગ્રેસના નગરસેવક તીર્થ બ્રહ્મભટ્ટ અને દીપા મધુ શ્રીવાત્સવના પોતાના નિવાસસ્થાને જ છેલ્લા કેટલાય દિવસોથી ડોહળું પાણી આવતું હોવાથી નગરસેવકો લાલઘૂમ થઈ ગયા હતા. તેઓ દુષિત પાણીના નમૂના હાથમાં લઈને પાલિકા કચેરીએ વિરોધ નોંધાવવા દોડી આવ્યા હતા.



બપોરે સાડા ચાર વાગ્યે કમિશનર સાથે મુલાકાતનો સમય હોવા છતાં, કમિશનર સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં વ્યસ્ત હોવાથી નગરસેવકોને પ્રવેશ મળ્યો ન હતો, જેને પગલે મામલો વધુ બિચક્યો હતો. બેઠક રૂમની બહાર નગરસેવકો અને અધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા.

### સ્થાયી સમિતિએ 11 વિકાસકાર્યોને મંજૂરી આપી, એક દરખાસ્ત મુલતવી

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં વિવિધ વિભાગોની કુલ 12 દરખાસ્તો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાંથી 11 વિકાસલક્ષી અને વહીવટી કામોને મંજૂરી આપવામાં આવી હતી, જ્યારે એક દરખાસ્તને મુલતવી રાખવામાં આવી હતી. બેઠકમાં પાર્ક્સ એન્ડ ગાર્ડન, પાણી પુરવઠા, આઈટી, મિકેનિકલ, બ્રિજ પ્રોજેક્ટ, બિલ્ડિંગ પ્રોજેક્ટ તથા જમીન-મિલકત શાખાના કામોનો સમાવેશ થયો હતો. સમિતિએ નાગરિક સુવિધાઓને વેગ આપવા મોટાભાગની દરખાસ્તોને બહાલી આપી હતી. જોકે સમા વિસ્તારમાં આવેલી રંગ અવધૂત સ્કૂલના નવા બિલ્ડિંગના નિર્માણની દરખાસ્ત ટેકનિકલ અથવા વહીવટી કારણોસર હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે.

### 22 રાજ્યોના સર્વેક્ષણ બાદ દેશની 18 શ્રેષ્ઠ સંસ્થાઓમાં સ્થાન

# વડોદરાના સુમંગલં ટ્રસ્ટને રાષ્ટ્રીય 'જૈન ટેલેન્ટ એવોર્ડ-2026'થી સન્માન

**અગ્રણી** મહાનુભાવોના હસ્તે ટ્રોફી અને પ્રશસ્તિપત્ર અર્પણ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૯

સામાજિક સેવા અને માનવ ઉત્થાનના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર વડોદરાના સુમંગલં ટ્રસ્ટ અને જૈન અનુકંપા ગૃપને પ્રતિષ્ઠિત 'જૈન ટેલેન્ટ એવોર્ડ-2026' એનાયત કરવામાં આવ્યો છે. ટેલેન્ટ બ્રિજ પ્રોસ્પેરિટી ફાઉન્ડેશન દ્વારા દેશના 22 રાજ્યોમાં રાષ્ટ્રીય અને સામાજિક ઉત્થાન માટે કાર્યરત સંસ્થાઓનું વ્યાપક સર્વેક્ષણ હાથ ધરાયું હતું. આ પ્રક્રિયામાંથી શ્રેષ્ઠ કામગીરી કરનારી માત્ર 18 સંસ્થાઓની પસંદગી કરવામાં આવી હતી, જેમાં સુમંગલં ટ્રસ્ટે સ્થાન મેળવી વડોદરાનું ગૌરવ વધાર્યું છે.

એવોર્ડ વિતરણ સમારોહ દેશભરના ઉદ્યોગપતિઓ, સામાજિક કાર્યકરો અને જૈન સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં



યોજાયો હતો. કાર્યક્રમમાં એલર્ટ ગ્રુપ ઓફ ઈન્ડિયાના સરસેનાધિપતિ કલ્પેશભાઈ શાહ, ધણપ અને મહેન્દ્રપુરમ તીર્થના ટ્રસ્ટી જીગ્નેશભાઈ મહેતા તેમજ મોનાર્ક નેટવર્થ કેપિટલના વૈભવભાઈ શાહ સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે સુમંગલં ટ્રસ્ટના હોદ્દેદારોને ટ્રોફી અને પ્રશસ્તિપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ટ્રસ્ટની નિઃસ્વાર્થ સેવાભાવનાને બિરદાવી ભવિષ્યમાં વધુ સેવા કાર્યો માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સુમંગલં ટ્રસ્ટ અને જૈન અનુકંપા ગૃપ લાંબા સમયથી પીડિતોની સેવા, શૈક્ષણિક સહાય, આરોગ્યલક્ષી મદદ અને વિવિધ માનવતાવાદી પ્રવૃત્તિઓમાં સક્રિય છે. રાષ્ટ્રીય સ્તરે મળેલા આ સન્માનથી ટ્રસ્ટના સભ્યો અને ટ્રસ્ટીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. ટ્રસ્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ એવોર્ડ સમાજના વંચિત વર્ગો સુધી સેવા પહોંચાડવાના સંકલ્પને નવી દિશા અને ઊર્જા આપશે. સંસ્થાની આ સિદ્ધિને વડોદરાવાસીઓએ પણ હર્ષભેર વધાવી છે.

# લેબોરેટરીમાં મેનેજર દ્વારા એકલતાનો લાભ લઈ સગીરા સાથે છેડછાડ

**ધક્કો** મારી ભાગી બહાર ભાગી ગયેલી સગીરાને મેનેજરે પીછો કરી ધમકી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા 19

વડોદરાના છાણી વિસ્તારમાં એક 17 વર્ષની સગીરાએ મેનેજર દ્વારા છેડતી કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. ઘટનાની જાણ માતાને કર્યા બાદ પરિવાર દ્વારા 181 અભયમ મહિલા હેલ્પલાઇન અને 112 ઈમરજન્સી સેવાની મદદ લેવામાં આવી હતી. અભયમ ટીમે સ્થળ પર પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ, છાણી વિસ્તારમાં આવેલી એક ખાનગી લેબોરેટરીમાં છેલ્લા એક વર્ષથી કામ કરતી 17 વર્ષની યુવતી કોમ્પ્યુટર પર બિલિંગનું કામ કરે છે. યુવતીના જણાવ્યા અનુસાર, લેબોરેટરીના વેક્સિન રૂમમાં કામ દરમિયાન મેનેજરે એકાંતનો લાભ લઈ તેની પાછળ જઈ કમરમાં બાથ ભરી અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો.

આ અચાનક બનેલી ઘટનાથી ગભરાઈ ગયેલી યુવતીએ મેનેજરને ધક્કો મારી રૂમની બહાર નીકળી જવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ મેનેજર તેની પાછળ આવ્યો અને કોઈને આ અંગે વાત ન કરવા તેમજ ઘરે કોઈ પૂછે તો શું જવાબ આપશે તેવા શબ્દોમાં દબાણ કરવાનો પ્રયાસ કર્યો હતો. ઘરે પહોંચ્યા બાદ યુવતીએ સમગ્ર ઘટના પોતાની માતાને જણાવી હતી. ત્યારબાદ માતાએ 181 અભયમ અને 112 ઈમરજન્સી સેવાનો સંપર્ક કર્યો હતો. અભયમ ટીમે યુવતી અને તેના પરિવાર સાથે વાતચીત કરી હતી. જોકે, આરોપી મેનેજરે પોતાની ભૂલ સ્વીકારી ન હોવાથી કેસને આગળની કાયદેસરની કાર્યવાહી માટે સંબંધિત પોલીસ સ્ટેશનમાં રિફર કરવામાં આવ્યો છે. હવે સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### ડ્રાયર વિભાગમાં ફ્લેશ ફાયર સર્જાતા રંગીન ધુમાડો આકાશમાં ફેલાયો

# અંકલેશ્વર જીઆઈડીસીમાં ડાયનામીક કંપનીમાંથી જાંબલી ધુમાડા નીકળતા કુતૂહલ

**સેફ્ટી** ટીમની ત્વરિત કામગીરીથી પરિસ્થિતિ કાબૂમાં, તપાસ શરૂ

(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.19

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ડાયનામીક કંપનીમાંથી અચાનક જાંબલી રંગના ધુમાડા નીકળતા સમગ્ર વિસ્તારમાં કુતૂહલ અને ચિંતાનું વાતાવરણ સર્જાયુ હતુ.કંપનીના ડ્રાયર વિભાગમાં સર્જાયેલી ફ્લેશ ફાયરની ઘટનાને કારણે મોટી માત્રામાં રંગીન ધુમાડો બહાર નીકળ્યો હોવાનુ પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ હતુ. જોકે કંપનીના સેફ્ટી વિભાગે તાત્કાલિક કામગીરી હાથ ધરી પરિસ્થિતિને ઝડપથી કાબૂમાં લઈ લેતા કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના બની નહોતી.

મળતી માહિતી અનુસાર, અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી ફૂડ કલર ઉત્પાદક ડાયનામીક કંપનીમાં ગુરુવારે



સમી સાંજે નિયમિત કામગીરી દરમિયાન ડ્રાયર વિભાગમાં અચાનક ફ્લેશ ફાયર સર્જાઈ હતી. આ ઘટનાના પરિણામે ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતા રંગદ્રવ્યોના કણો સાથે જાંબલી રંગનો ધુમાડો વાતાવરણમાં પ્રસરી ગયો હતો. ધુમાડો દૂર સુધી દેખાતો હોવાથી આસપાસની કંપનીઓ અને રહેણાંક વિસ્તારોમાં પણ લોકોનું ધ્યાન આકર્ષિત થયુ હતુ.

ઘટનાની જાણ થતાં જ કંપનીના સેફ્ટી વિભાગ અને ઈમરજન્સી રિસ્પોન્સ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ અને ધુમાડાને નિયંત્રણમાં લેવા માટે જરૂરી પગલાં લીધા હતા. ઝડપી કામગીરીના કારણે સ્થિતિ વધુ ગંભીર બનતા અટકાવવામાં સફળતા મળી હતી. કંપનીના સૂત્રોના જણાવ્યા મુજબ ઘટનામાં કોઈ કર્મચારીને ઈજા પહોંચી નથી અને કોઈ જાનહાનિ પણ નોંધાઈ નથી.

જાંબલી રંગના ધુમાડા આકાશમાં ફેલાતા સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો હતો. અનેક લોકોએ ધુમાડાના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયામાં શેર કરતા ઘટનાએ વધુ ધ્યાન ખેંચ્યુ હતુ. જો કે કંપની દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને ગભરાવાની જરૂર નથી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગના અધિકારીઓએ ઘટનાની તપાસ શરૂ કરી છે. અધિકારીઓ કંપનીમાં પહોંચી ઘટનાના કારણો, સલામતી વ્યવસ્થાઓ અને ઈમરજન્સી પ્રતિસાદની સમીક્ષા કરી રહ્યા છે. ફ્લેશ ફાયર કયા સંજોગોમાં સર્જાઈ, સલામતીના તમામ ધોરણોનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ટાળવા માટે કયા પગલાં લેવાની જરૂર છે તે અંગે પણ તપાસ હાથ ધરાઈ છે.

# માથાભારે અસલમ બોડિયાની જેલ બદલીની અરજી કોર્ટ દ્વારા નામંજૂર

**રાજકોટ** જેલમાંથી વડોદરા સહિત વિવિધ જગ્યા પર ટ્રાન્સફર કરવાની માંગ ફગાવાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરાના નવાપુરા-મહેબુબપુરા વિસ્તારના રહેવાસી અને હાલ રાજકોટ સેન્ટ્રલ જેલમાં સજા કાપી રહેલા માથાભારે અને ગુજસીટોકના આરોપી અસલમ ઉર્ફે બોડિયો હૈદરમિયા શેખ દ્વારા જેલ ટ્રાન્સફર કરવાની માંગ સાથે કરાયેલી અરજી કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી છે.

ગુજસીટોકના ગુનામાં સજા કાપી રહેલા માથાભારે અસલમ ઉર્ફે બોડિયો હૈદરમિયા શેખે રાજકોટ સેન્ટ્રલ જેલમાંથી વડોદરા સેન્ટ્રલ જેલ અથવા વડોદરા નજીકની ભરૂચ, છોટાઉદેપુર કે બાલાસિનોર સબ-જેલમાં ટ્રાન્સફર કરવાની માંગ સાથે અરજી કરી હતી. અરજદાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે પરિવારજનોને મુલાકાતમાં મુશ્કેલી પડતી હોવાથી તેમને નજીકની જેલમાં ખસેડવામાં આવે.

આ અરજી સામે રાજ્ય સરકાર અને રાજકોટ સેન્ટ્રલ જેલ સત્તાવાળાઓએ વિરોધ નોંધાવ્યો હતો. કોર્ટ સમક્ષ રજૂ થયેલા અહેવાલમાં જણાવાયું હતું કે રાજકોટ સેન્ટ્રલ જેલમાં અન્ય જેલોની તુલનામાં વધુ સારી તબીબી અને સુરક્ષા સુવિધાઓ ઉપલબ્ધ છે. ઉપરાંત, કેદીઓ માટે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે પરિવારજનો સાથે સંપર્ક કરવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. કોર્ટે નોંધ્યું હતું કે અરજદારે આ જ પ્રકારની અરજી અગાઉ પણ કરી હતી, જે નવેમ્બર-2025માં ફગાવી દેવામાં આવી હતી. હાલની અરજીમાં કોઈ નવા અથવા અસાધારણ સંજોગો રજૂ કરવામાં આવ્યા નથી. કેદીને પોતાની પસંદગી મુજબ જેલ પસંદ કરવાનો અધિકાર નથી અને જેલ વ્યવસ્થાપન તથા કાયદો-વ્યવસ્થાના હિતમાં કેદીની બદલી અંગેનો નિર્ણય જેલ સત્તાવાળાઓનો વિષય હોવાનું કોર્ટે જણાવ્યું હતું.આથી, ટ્રાન્સફર માટે પૂરતા અને વિશ્વસનીય કારણો ન હોવાનું માની કોર્ટે અરજી નામંજૂર કરી હતી.

# બ્રહ્માકુમારીઝ કેન્દ્ર અટલાદરા ખાતે પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા યોજાઈ

**જિલ્લા** પંચાયત પ્રમુખ જયોત્સનાબેન રબારીના અધ્યક્ષસ્થાનેથી વડોદરા જિલ્લાના તમામ ખેડૂત મિત્રોને પ્રાકૃતિક ખેતી અપનાવવા આહવાન કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડાપ્રધાનના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે વડોદરા જિલ્લા કક્ષાના વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત વડોદરા જિલ્લા કક્ષાના પ્રાકૃતિક કૃષિ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર વડોદરા દ્વારા આજરોજ બ્રહ્માકુમારીઝ કેન્દ્ર અટલાદરા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ જ્યોત્સનાબેન રબારીના અધ્યક્ષસ્થાને તથા પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા સહિત જિલ્લા વિકાસ અધિકારી આનંદ પાટીલની ઉપસ્થિતીમા પ્રાકૃતિક કૃષિ



કાર્યશાળા યોજાઇ હતી.

કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાનેથી જિલ્લા પંચાયત પ્રમુખ જ્યોત્સનાબેન રબારીએ ઉપસ્થિત તમામ ખેડૂત મિત્રોને રસાયાણિક ખેતીનો ત્યાગ કરી પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન કર્યું હતું. આ સાથે તેમણે પ્રાકૃતિક કૃષિ થકી પર્યાવરણ અને માનવજીવનને થતા ફાયદા અંગે સૌને જાગૃત કર્યા હતા.

પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા અને ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ વિકસિત ભારત સંકલ્પ, ખેડૂતોની આવક બમણી કરવાના ધ્યેય તથા ખેતીવાડી, બાગાયાત તથા વિશેષરૂપે આત્મા વિભાગની કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપી તેનો લાભ લેવા જણાવ્યું હતું. આ સંમેલનમાં પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત ડભોઇના પંચાલ ગીરીશભાઇ તથા ચીરાયુભાઇ પટેલએ પ્રાકૃતિક ખેતીના પાંચ મુખ્ય આયામો, જીવામૃત, ઘનજીવામૃત તથા મુલ્યવર્ધન અંગે સૌને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમા સૌએ પ્રાકૃતિક ખેતી અપનાવવા તથા વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત કોઇ પણ પ્રકારના નશાથી મુક્ત રહેવા સંકલ્પબધ્ધ થયા હતા. સંમેલનમાં વિવિધ વિસ્તારથી ખેડૂત ભાઇ બહેનો સહભાગી થયા હતા. બ્રહ્માકુમારીઝ કેન્દ્ર અટલાદરાના પુનમ દીદી સહિત બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સર્વે ભાઇ બહેનોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# ભાઈની આંખની સર્જરી માટે સુનિલ અદાના જામીન નામંજૂર

**મોતિયાની** સર્જરી તાત્કાલિક નહીં પરંતુ વૈકલ્પિક હોવાનું કોર્ટે નોંધ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરાના વારસિયા વિસ્તારમાં રહેતા સુનિલ ઉર્ફે અદા પ્રકાશ કેવલરામાણીએ પોતાના ભાઈની આંખની સર્જરીના ખર્ચ અને સારવાર બાદ સંભાળ માટે 30 દિવસના કામચલાઉ જામીનની માંગ કરી હતી. જોકે અદાલતે તબીબી દસ્તાવેજો અને પોલીસ અહેવાલના આધારે અરજી ફગાવી દીધી હતી.

વડોદરાના વારસિયા વિસ્તારમાં રહેતા સુનિલ ઉર્ફે અદા પ્રકાશ કેવલરામાણીએ સુનિલ ઉર્ફે અદાએ કામચલાઉ જામીન માટે અરજી દાખલ કરી હતી. અરજદારે દલીલ કરી હતી કે તેના ભાઈને બંને આંખોમાં તકલીફ હોવાથી સર્જરી કરાવવાની છે અને તેના માટે નાણાકીય વ્યવસ્થા તેમજ સારવાર બાદ સંભાળ રાખવા પોતાની હાજરી જરૂરી છે.

સુનાવણી દરમિયાન સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર આર એન પડ્યાએ અરજીનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે અરજદારના ભાઈને માત્ર મોતિયાની સર્જરી કરાવવાની છે, જે સામાન્ય અને ડે-કેર પ્રકારની પ્રક્રિયા છે. તેમાં દર્દીને સવારે દાખલ કરી સાંજે રજા આપી શકાય છે, તેથી અરજદારની વ્યક્તિગત હાજરી જરૂરી ગણાવી શકાય નહીં.

અદાલતે નોંધ્યું હતું કે રેકોર્ડ પર રજૂ થયેલા તબીબી પ્રમાણપત્ર મુજબ સર્જરી તાત્કાલિક નહીં પરંતુ વૈકલ્પિક સ્વરૂપની છે અને કોઈ જીવલેણ કે કટોકટીની સ્થિતિ દર્શાવવામાં આવી નથી. માત્ર ભાઈની બીમારીના આધારે કામચલાઉ જામીન આપી શકાય નહીં તેમજ અરજદારની હાજરી અનિવાર્ય હોવાનો કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ થયો નથી. આથી અદાલતે અરજીમાં કોઈ વાજબી આધાર ન હોવાનું માની 30 દિવસના કામચલાઉ જામીનની માંગણી ફગાવી દીધી હતી.

### કારેલીબાગ શુક્રવારી બજાર અને તાંદલજામાં તંત્રની કડક કાર્યવાહી

# પાલિકાની દબાણ શાખા દ્વારા લારી-ગલ્લા દૂર કરાયા, ૨૦ દુકાનો તોડી પડાઈ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૯

વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરીટી શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં અડીંગો જમાવીને બેઠેલા દબાણકર્તાઓ સામે કડક ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જેમાં વહીવટી વોર્ડ નં. ૦૭ વિસ્તારમાં કારેલીબાગ પોલીસ સ્ટેશનથી લઈને તુલસીવાડી અંબા માતાના મંદિર સુધી ભરાતી શુક્રવારી બજારના તમામ દબાણોને તંત્ર દ્વારા હટાવી દેવામાં આવ્યા હતા.

પાલિકા દ્વારા મામલતદાર પશ્ચિમની માંગણી અને અધ્યક્ષતા હેઠળ વોર્ડ નં. ૧૦ માં કિસ્મત ચોકડી, તાંદલજા ગામ મોટી મસ્જિદ પાસે સીટી સર્વે નં. ૩૦૬-૩૦૭ વાળી જગ્યામાં આવેલા કુલ ૩ દુકાનોના દબાણો જે.પી. રોડ પોલીસ સ્ટેશનની ટીમને સાથે રાખીને દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વોર્ડ નં.



૦૮ માં ગોરવા મામલતદાર ઉત્તરની માંગણી મુજબ ટીમ ફાળવીને અન્ય ૧૭ દુકાનોના ગેરકાયદેસર દબાણો તોડી પાડવાની મોટી કામગીરી હાથ ધરાઈ હતી.

બીજી તરફ વોર્ડ નં. ૦૮ અને ૧૧ ની સંયુક્ત ટીમે દશામાતા તળાવ પાસે આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના પ્લોટની બહાર, મેઈન રોડ ઉપર ગેરકાયદેસર રીતે રહેતા લોકોને સ્થળ પરથી ખસેડ્યા હતા અને તેઓનો સામાન જપ્ત કર્યો હતો. આ ઉપરાંત વોર્ડ નં. ૦૬ માં ઠેકરનાથ મંદિર, નાયરા પેટ્રોલ પંપથી ગધેડા માર્કેટ સુધી તેમજ વોર્ડ નં. ૦૪ માં ગોપાલ કૃષ્ણ સોસાયટીમાં નડતરરૂપ ગેરકાયદેસર બાંધકામો દૂર કરવાની કામગીરી પણ પાલિકાની ટીમ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

# મધ્યસ્થ જેલમાં મહિલા કેદીઓ માટે તબીબી નિદાન શિબિર યોજાઈ

**દીપક** ફાઉન્ડેશનની "નિદાન વાન" દ્વારા સ્થળ પર જ લેબોરેટરી ટેસ્ટની સુવિધા અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વંચિત અને હાંસિયામાં ધકેલાયેલા સમુદાયો સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવાના હેતુથી દીપક ફાઉન્ડેશને જેલ વિભાગના સહયોગથી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે વ્યાપક તબીબી નિદાન શિબિરનું આયોજન કર્યું હતું. આ શિબિરમાં 73 મહિલા કેદીઓ તેમજ 6 જેલ કર્મચારીઓએ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો.

શિબિરનો મુખ્ય ઉદ્દેશ જેલ પરિસરમાં જ વિશિષ્ટ તબીબી સારવાર અને આધુનિક નિદાન સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો હતો. પ્રખ્યાત તબીબ ડૉ. વૈભવી શાહ અને ડૉ. પાર્થ જયસ્વાલે લાભાર્થીઓની ક્લિનિકલ તપાસ કરી સામાન્ય, પોષણલક્ષી અને અન્ય આરોગ્ય



સંબંધિત સમસ્યાઓનું નિદાન કર્યું હતું.

દીપક ફાઉન્ડેશનની "નિદાન વાન" દ્વારા સ્થળ પર જ લેબોરેટરી ટેસ્ટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેના કારણે નિદાન માટેનો સમય ઘટ્યો અને તબીબો દ્વારા તાત્કાલિક રિપોર્ટ, જરૂરી સારવાર અંગે માર્ગદર્શન તેમજ દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મહિલા કેદીઓની સાથે જેલ કર્મચારીઓના આરોગ્યને પણ આવરી લેતી આ પહેલ દ્વારા દીપક ફાઉન્ડેશને સર્વસમાવેશક અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવી છે.

# ગોત્રી હોસ્પિટલને મળ્યું અત્યાધુનિક 2-ડી ઈકો મશીન, હૃદયરોગના દર્દીઓને રાહત



(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરાની ગોત્રી મેડિકલ હોસ્પિટલને અત્યાધુનિક 2-ડી ઈકો મશીનની ભેટ મળતા હૃદયરોગના દર્દીઓ માટે સારવાર વધુ સુલભ બની છે. આ મશીનના ઉપયોગથી હવે દર્દીઓને હૃદય સંબંધિત મહત્વપૂર્ણ તપાસ માટે ખાનગી હોસ્પિટલો કે લેબોરેટરીઓમાં મોંઘો ખર્ચ કરવો પડશે નહીં. સરકારી હોસ્પિટલમાં જ આ સુવિધા ઉપલબ્ધ થતાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને મોટી રાહત મળશે.

આધુનિક ટેક્નોલોજીથી સજ્જ આ મશીન દ્વારા હાર્ટ એટેક, હૃદયના વાલ્વની તકલીફ, જન્મજાત હૃદય ખામીઓ તેમજ હૃદયની પમ્પિંગ ક્ષમતાનું ઝડપી અને સચોટ નિદાન શક્ય બનશે. પરિણામે દર્દીઓને સમયસર સારવાર મળી શકશે અને ગંભીર પરિસ્થિતિમાં કિંમતી જીવ બચાવવામાં પણ મદદરૂપ બનશે.

આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં ડૉ. અનુપ ચંદાણીના સતત પ્રયાસો અને દાતાશ્રીના સહયોગની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. હોસ્પિટલ તંત્ર અને નાગરિકોએ આ લોકહિતકારી પહેલને આવકારી દાતા તેમજ તબીબોની ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંજલપુર દ્વારા આયુર્વેદ નિદાન, સારવાર અને ડેન્ટલ કેર કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.19

જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંજલપુર દ્વારા સરકારી આયુર્વેદિક દવાખાનું, સયાજીગંજના સહયોગથી ઓમકારેશ્વર મહાદેવ મંદિર, Kotar Talavadi (કોટાર તળાવડી), માંજલપુર ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન, સારવાર તથા ડેન્ટલ કેર કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. શામંતભાઈ દાહીમાના માર્ગદર્શન હેઠળ મેડિકલ ઓફિસર છાયાબેન વોરા તથા જાયન્ટ્સ ગ્રુપના સિનિયર સભ્ય અને ડેન્ટલ સર્જન ડૉ. મુકેશભાઈ શાહે નિષ્ણાત ડૉક્ટર તરીકે સેવાઓ આપી હતી. તેમણે દર્દીઓનું નિદાન કરી જરૂરી સારવાર, દવાઓ તથા આરોગ્યલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# વડોદરા કોંગ્રેસ દ્વારા રાહુલ ગાંધીના જન્મદિનની ઉજવણી

**SSGH**ના બાળ વિભાગમાં દર્દીઓને ફળ-ફ્રૂટી વહેંચી વિપક્ષે માનવતા મહેકાવી

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૯

લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના જન્મદિવસ નિમિત્તે આજરોજ વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા એક પ્રેરણાદાયી અને માનવતાવાદી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે રાજકીય નેતાઓના જન્મદિવસે થતી ભવ્ય ઉજવણીઓ અને કેક કાપવાના ભપકાથી દૂર રહીને, કોંગ્રેસ પક્ષના કાર્યકરો અને આગેવાનોએ હોસ્પિટલના દર્દીઓની સેવા કરી તેમના પ્રિય નેતાના જન્મદિવસની વિશિષ્ટ અને અનોખી ઉજવણી કરી સમાજને એક નવો રાહ ચીંધ્યો હતો.

આ પ્રસંગે વડોદરા શહેરની મધ્યસ્થ સયાજી હોસ્પિટલ ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોંગ્રેસના સ્થાનિક કાઉન્સિલરો અને મોટી સંખ્યામાં પક્ષના હોદ્દેદારો તેમજ કાર્યકરો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસના આ પ્રતિનિધિ મંડળે હોસ્પિટલના બાળ વિભાગની ખાસ મુલાકાત લીધી હતી.


**સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા**

**જાહેર ઈ-હરાજી નોટીસ**

હોમ લોન સેન્ટર-૨ શાખા (૬૩૬૯૨), બીજો માળ, ૨૧૩-૨૧૯, રીયો એમ્પાયર, આર.ટી.ઓ. પાલ સામે, સુરત-૩૯૫૦૦૯ E-mail - sbi.63692@sbi.co.in

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ભારતીય સ્ટેટ બેંક દ્વારા ધિરાણ કરેલ વાહનની જપ્તી કરી તમામની જાહેર ઈ-હરાજી રાખેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | લેણદારનું નામ | વાહન નંબર, બનાવટ તથા વાહન નું મોડેલ | અનામત કિંમત રૂા. | પાર્કીંગનું સરનામું |
|---|---|---|---|---|
| ૧. | પ્રેમીલા ગામીત | Ford (Freestyle Trend) 1.2 Petrol MT January 2019 GJ 26 N 5176 | ૨,૧૫,૦૦૦/- (જીએસટી સહિત) | ટ્રીનીટી એન્ટરપ્રાઈસીસ, સર્વે નં.૫૩૫, શીવમ પાર્ક સોસા. પાછળ, ડી-માર્ટ પાસે વાઘોડીયા રોડ, વડોદરા-૩૯૦૦૧૯. |

EMD રકમ રૂા.૨૧,૫૦૦/- તા.૩૦/૦૬/૨૦૨૬ બપોરે ૩.૫૦ વાગ્યા સુધીમાં જમા કરવાની રહેશે. વાહનના નિરીક્ષણ ઉપરોક્ત જણાવેલ સ્થળ પર તારીખ ૨૬/૦૬/૨૦૨૬ બપોરે ૨.૦૦ થી ૪.૦૦ દરમ્યાન કરી શકાશે. ઈ-ઓકશન તારીખ ૩૦/૦૬/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી સાંજે ૧૬.૦૦ કલાક દરમ્યાન Online થશે. (ઉપરોક્ત સાધન ''જે છે જયાં છે અને જેમ છે જે છે અને જેમ છે તેમ'' સ્થિતિમાં જ વેચાણ કરાશે.) ઈ-ઓકશનમાં ભાગ લેવા સંપર્ક : web portal : https://baanknet.com (વધુ માહિતી માટે અમારી વેબસાઈટ https://baanknet.com; અથવા ઉપરના સરનામે અધિકૃત અધિકારીનો બેંકના કામકાજ ના સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે. (મો.૯૮૭૫૧૫૭૩૪૫, ૭૦૪૩૪૪૯૧૩૧)

સ્થળ : સુરત.
તારીખ:૧૯/૦૬/૨૦૨૬

નોંધ: કોઈપણ કારણ વગર બીડનો સ્વીકાર / અસ્વીકાર કરવાનો અધિકાર બેન્કનો રહેશે.

સહિ/- અધિકૃત અધિકારી અને મુખ્ય પ્રબંધક ભારતીય સ્ટેટ બેંક, હોમ લોન સેન્ટર-૧, સુરત.